જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૭/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૩૮૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૬૨૩ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૮૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૩૯૦/૧૭

**નવરંગપુરાઃ** નરેન્દ્રભાઇ સોમાભાઇ ચૌહાણ (ઉ.વ.૪૧) (રહે. ઓમનગર સોસાયટી અસરવા કલાપીનગર) એ તા.૬/૭/૧૭ નારોજ **નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે** માર્ચ ૨૦૧૭ થી તા.૨૫/૪/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી જાનકીબહેન સુરેશભાઇ શર્મા (રહે. શિવ એપાર્ટમેન્ટ સંગીતા ફર્નીચરની સામે નરોડા પાટીયા પાસે નરોડા) અને અન્ય વ્યક્તિએ ભેગા મળી નીલ કમલ કોમ્પલેક્ષ બીજા માળ, સેલ્સ ઇન્ડીયાની સામે આશ્રમ રોડ ખાતે નરેન્દ્રભાઈ ચૌહાણની પુત્રીને એર હોસ્ટેસના કોર્ષ માટે વિશ્વાસમાં લઇ ભરોસો આપી રૂપિયા ૪૫,૦૦૦ મેળવી લઈ **છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી** ગોવિંદસિંહ માલુભા **ચલાવે છે.**

**શાહીબાગઃ** મધુબહેન વા\ઓ ગોપાલ લક્ષા (ઉ.વ.૪૬) (રહે. લક્ષાભવન સંજય કોલોની રોડ રામસ્નેરી હોસ્પીટલ ભીલવાસ રાજસ્થાન) તા.૬/૭/૧૭ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે **ઘોડા કેમ્પ રોડ ઓમ ટાવર સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ મધુબહેન નજીક આવી પોલીસની ઓળખ આપી મધુબહેનને કહેલ કે યહા સોને કે ઝવેર પહેનના મના હૈ યે નિકાલ કર કાગજ મે રખદો નહી તો દો હજાર ઝુર્માના હૈ તેમ કહી સોનાની બગડી તથા સોનાનો દોરો મળી કુલ કિમત રૂપિયા ૩,૧૦,૦૦૦/- દાગીના પડીકા માં મુકી તે પડીકું લઇ તેના બદલામાં નકલી બંગડીનું બીજુ પડીકું મધુબહેનને આપી છેતરપીંડી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ મધુબહેન લક્ષાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.**

**કાગડાપીઠ:** દિનેશકુમાર શીવભગવાન અગ્રવાલ (રહે.વસંત બહાર વિભાગ-૧ બોપલ) એ તા.૬/૭/૧૭ નારોજ **કાગડાપીઠ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨/૫/૨૦૧૬ થી તા.૧૯/૮/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી સુરેશકુમાર ભીકચંદ જૈન (જૈન ઇન્ટેક્ષ પ્રોપરાઇટ) (રહે.રૂષિકા એપાર્ટમેન્ટ રાણીસિધ્ધી મંદિર પાસે શાહીબાગ) ન્યુ કલોથ માર્કેટ દુકાન નંબર–૧૮૩ બંસલ કાટસ્પીન પ્રા.લી તથા આસ્થા કોમ્પટ્રેડ પ્રા.લી તથા શીવ કાફટેક્ષ એલ.એલ.વી નામની પેઢીમાંથી રૂપિયા ૨૧,૮૮,૭૦૩/- કાપડનો માલ ખરીદ કરી લઈ જઈ આજદીન સુધી નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.વાઘેલા ચલાવે છે.

<u>ઘરફોડ:-</u> <u>સમાચાર યાદી નં.૧૩૯૧/૧૭</u>

**એલીસબ્રીજ:** સંજયભાઇ લખનલાલ કુમાર (રહે. ટાઇપ સંચાર કોલોની ચિરાગ મોટર્સની બાજુમા લૉ ગાર્ડન રોડ ગુજરાત કોલેજ પાછળ) એ **એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે** તા.૫/૭/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૬/૭/૧૭ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન કલગી ચાર રસ્તા પાસે આવેલ સંચાર કોલોની ખાતે સંજયભાઈના ઉપરી અધિકારીના બંગ્લા નંબર-૨ માંથી સોનાના દાગીના **કિમત રૂપિયા ૩,૩૬,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી** એ.એસ.પટેલ **ચલાવે છે.**

<u>ચોરી:-</u> <u>સમાચાર યાદી નં.૧૩૯૨/૧૭</u>

**વટવા:** મન્સુરભાઇ ઇદ્રીસભાઇ મેમણ (રહે.ઝૈદ એપાર્ટમેન્ટ શફી મંઝીલ ગુજરાત ટુડે પ્રેસ આગળ શાહે આલમ દાણીલીમડા) એ તા.૬/૭/૧૭ નારોજ **વટવા** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨/૭/૧૭ રાતના ૮/૦૦ થી તા.૪/૭/૧૭ સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ પીપળજ ખાતે આવેલ બોટો લોજીસ્ટીક્સ નામની ટ્રાન્સપોર્ટના ખુલ્લા ગોડાઉનમાંથી કાપડની ગાસડી નંગ-૨૬ કિમત રૂપિયા ૪,૧૭,૫૫૨/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

<u>વાહન ચોરી:-</u> <u>સમાચાર યાદી નં.૧૩૯૩/૧૭</u>

**વસ્ત્રાપુર:** રાજેશભાઇ યસવંતરાય ઉપાધ્યાય (રહે. રાજપર નંબર-૨ તાલુકો-તળાજા જીલ્લો-ભાવનગર) એ તા.૨/૭/૧૭ સાંજના ૬/૩૦ વાગે બોડકદેવ સિંધુભવન રોડ ઉપર આવેલ ગોટીલા ગાર્ડનની આગળ પોતાની મારુતી અલ્ટો કાર નંબર જીજે ૧૬ એએ ૭૪૪૯ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રાજેશભાઈ ઉપાધ્યાય એ તા.૬/૭/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.વાણિયા ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૩૯૪/૧૭

**કૃષ્ણનગરઃ** ઉર્મીલાબહેન વા/ઓફ કેયુરકુમાર વર્મા (રહે. નિલકંઠ સોસાયટી ધરણીધર ડુપ્લેક્ષ પાસે પાર્શ્વનાથ ટાઉનશીપ) એ અગમ્ય કારણસર તા.૬/૭/૧૭ રાતના ૮/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.